જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૨/૨૦૧૯ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૧૫/૧૯**

## ગુમ થયેલ બાળકીઓ શોધી
## તેના માતા-પિતાને સોંપ્યા અંગેની વિગત

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

### બિનવારસી (ભુલી પડેલ) હાલતમાં મળી આવેલ બે બાળકીઓના માતા-પિતા શોધી બાળકીઓનુ મિલન તેઓના માતા-પિતા સાથે કરાવતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ડી” ડિવિઝન સાહેબના માર્ગદર્શન હેઠળ ૦ થી ૧૮ વર્ષના ગુમ/અપહરણ થયેલ બાળકો સત્વરે શોધી કાઢવા સારૂ તેમજ તેમજ પો.સ્ટે વિસ્તારમાં મળી આવતા બિનવારસી/ ભુલા પડેલ બાળકોના માતા-પિતા (વાલિ-વારસ)ને સત્વરે શોધી કાઢવા સારૂ કરેલ સુચનાઓ મુજબ આજરોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન વનગાડીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નરોડા રોડ ખાતેથી બે બાળકીઓ નં.૧ સંજના ઉ.વ.૫ અને નં.૨ મન્નત ઉ.વ.૩ની બિનવારસી(ભુલી પડેલ) હાલતમાં મળી આવેલ જેઓના વાલી-વારસ શોધ ખોળ કરવા સારૂ અત્રેના પો.સ્ટેના અધિકારી/કર્મચારીઓએ બાળકીઓને ફોટોગ્રાફ પોતાની પાસે રાખી પો.સ્ટે વિસ્તારમાં આવેલ વિવીધ જગ્યાઓએ જઈ બાળકીઓના બાલી-વારસ બાબતે પુછ પરછ કરેલ તેમજ સદરી બાળકીઓ વાલી-વારસની શોધખોળ માટે આસપાસના પોલીસ સ્ટેશનોનો ટેલીફોનીક સંપર્ક કરી આ બાબતેની જાણ કરી પુછ પરછ કરતા મેઘાણીનગર પો.સ્ટેના પી.એસ.ઓ તરફથી જાણવા મળેલ કે સદરી બાળકીઓની શોધખોળ કરતા કરતા સદરી તેઓ બન્ને બાળકીઓના માતા-પિતા અત્રે મેઘાણીનગર પો.સ્ટે ખાતે આવેલ છે. જેથી સદરી બાળકીઓના માતા-પિતાનો સત્વરે સંપર્ક કરી તેઓને શહેરકોટડા પો.સ્ટે ખાતે બોલાવી સદરી બન્ને બાળકીઓ બાબતે જરૂરી નોંધ કરાવી સદરી બન્ને બાળકીઓનુ મિલન તેઓના માતા-પિતા સાથે કરાવવામાં આવેલ છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :**

**મીલ્કત સંબધી ગુના કરવાની ટેવવાળા આરોપીઓને બાતમી આધારે વાહન ચોરીના મુદામાલ રીક્ષા-૧ એવીએટર સ્કુટર -૧ તથા ચોરીના મોબાઈલ ફોન નંગ- ૩ સાથે કુલ-૩ આરોપીઓને પકડી વાડજ તેમજ રામોલ પોલીસ સ્ટેશનના ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સોલા હાઈકોર્ટ પોલીસ.**

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારુ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ ગુનાની એમ.ઓ જાણી પો.સ.ઈ. એમ.જે.હુણ નાઓની બનાવેલ ટીમ દ્વારા નીચે જણાવેલ આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

*આરોપી*:

(૧) રાહુલ સુખલાલસિંગ રાજપુત ઉ.વ.૨૪ રહે. સરસ્વતીનગર સિલ્વર સ્ટારની પાછળ, ચાંદલોડીયા અમદાવાદ શહેર

(૨) નરેશ ગોવિંદભાઈ પરમાર ઉવ.૨૧ રહે. ભોયણવાસ, ગોતા ગામ, અમદાવાદ શહેર

*મુદામાલ* : (૧) ઓટો રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/- તથા (૨) મોબાઈલ ફોન નંગ-૨ જેની કિ.રૂ.૧૦૦૦/- ગણી શકાય

*શોધાયેલ ગુના*:

(૧) રામોલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૧૩૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબ *આરોપી* (૩) વિશાલ પ્રકાશભાઈ ગનવાણી ઉવ.૨૧ રહે. પુરષોતમનગર, ભરવાડ વાસની બાજુમાં, મંદિરવાળો વાસ, મિતેષભાઈ રબારીનાં મકાનમાં, નવા વાડજ, અમદાવાદ

*મુદામાલ* : (૧) એવીએટર મો.સા.કિ.રુ.૪૦,૦૦૦/- તથા (૨) મોબાઈલ ફોન નંગ-૧ જેની કિ.રૂ.૫૦૦/- ગણી શકાય

(૨) વાડજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૨૩૪/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વે સ્કોડ સ્ટાફના રઘુવીરભાઈ જગુભાઈ તથા વાલજીભાઈ ભોપાભાઈ તથા લોકરક્ષક ચીરાગભાઈ રમેશભાઈ તથા લોકરક્ષક ભાર્ગવભાઈ બદરુભાઈ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

## વાસણા પોલીસ સ્ટેશન :

### હિમતનગર બી-ડીવીઝન પો.સ્ટે.વિસ્તારમાથી એક વર્ષ પહેલા ચોરી થયેલ વાહન સાથે વાહન ચોરીના આરોપીને ચોરીયે ગયેલ મોટરસાયકલ સાથે ઝડપી વાહન ચોરીનો ગુનો શોધી પાડતી વાસણા પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ તથા .નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-7 તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એમ" ડીવિજન તથા.ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ.ડી.ઓડેદરા નાઓની સુચનાથી વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ ચેઇન સ્નેચીગ ના બનતા બનાવો અટકાવવા સારૂ અને ચોરીના ગુનાઓ શોધી કાઢવા સારૂ આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ એ.આર.સુર્યવંશી તથા સાથેના સ્ટાફના હે.કો.લલિતભાઇ અમરાભાઇ બ.નં-૮૧૮૦ તથા પો.કો.જયવીરસિહ રાજુભા બ.નં-૧૦૩૮૫ તથા પો.કો.રાજુભાઇ લાખાભાઇ બ.નં-૬૩૮૨ તથા પો.કો.લકધીરસિહ રતુભા બ.નં-૧૦૩૩૪ તથા પો.કો.દીગ્વીજયસિહ દીપસંગભાઇ બ.નં-૧૧૮૧૫ પો.કોંસ જીતેંદ્રસિહ દશરથસિહ બ.નં-૧૦૨૬૫ તથા પો.કો.મીહીરભાઇ હસમુખભાઇ બ.નં-૧૦૦૦૯ તથા લોકરક્ષક જયેશભાઇ પ્રતાપભાઇ બ.નં-૧૨૫૨૧ વિગેરે સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલેગમાં હતા જે વખતે સાથેનાં પો.કોંસ જીતેંદ્રસિહ દશરથસિહ તથા પો.કો. લકધીરસિહ રતુભા નાઓને મળેલ સંયુકત ખાનગી બાતમી આધારે વ્રુદાવન હોટલ સામે શાસ્ત્રીનગર બ્રીજ તરફના રોડ ઉપર વોચ ગોઠવી આરોપી હુઝેફ અલીભાઇ ગુલામભાઇ જાતે-જેઠવા ઉ.વ.૩૯ રહે-ગામ-કેશરપુરા બસવાળુ ફરીયુ તા-ઇડર જી-સાબરકાઠા નાને ચોરી અથવા છળકપટથી મેળવેલ એક કાળા કલરની રજીસ્ટ્રેસન નંબર વગરની સ્પેન્ડર મો.સા જેનો એ.નં-HA10AGH5M13670 ચે.નં-MBLHAR079H5M09047 જેની કિ,રૂ,૩૦,૦૦૦/-ગણી શકાય તે મળી આવેલ હોય સદરી ઇસમને આજ રોજ તા-૨૮/૧૨/૨૦૧૯ ના કલાક- ૨૨/૦૦ વાગ્યે CrPC કલમ-૪૧(૧)ડી મુજબ અટક કરી ઉપરોક્ત મોસા. CrPC કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી હિમતનગર બી-ડીવીઝન પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૧૦૫/૨૦૧૮ કલમ-૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

## “ઇકો-સ્પોટ કાર સાથે આરોપીને પકડી પાડતી વસ્ત્રાપુર પોલીસ”

શ્રી આશિષ ભાટીયા સાહેબ પોલીસ કમિશનર અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ તથા શ્રી પી.એલ માલ સાહેબ ના.પો.કમિ.શ્રી, ઝોન-૧ તથા એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પો.કમિ.શ્રી, એ ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તાર માં બનેલ મિલકત સંબધી ગુન્હો શોધી કાઢવા કરેલ સુચના આધારે ગઇ તા ૨૩/૧૨/૧૯ ના રોજ વસ્ત્રાપુર પેરેમાઉન્ટ રેસીડન્સી પાસેથી એક ફોર્ડ કંપનીની ઇકો સ્પોટ જીજે-૦૧-આર.એલ-૪૬૪૭ નંબર ની ૨૦૧૫ ના મૉડલ ની કીંરૂ ૭,૦૦.૦૦૦/-ની મતાની ચોરી થયેલ હોય જે બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે *ફસ્ટ ગુ.ર નં ૩૯૮/૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબ* નો ગુનો દાખલ કરવામા આવેલ ત્યારબાદ પો.સ.ઇ. કે.એલ રબારી સાહેબ તથા પો.કો યુવરાજસિંહ અનિરૂધ્ધસિંહ નાઓએ આ કામે તાત્કાલીક સી.સી.ટીવી કુટેજ આધારે આરોપી *નરેશભાઇ દીલીપભાઇ ગઢવી રહે,એ/૬૬ પરીમલ સોસા ,બોમ્બે કંડકટર રોડ જશોદાનગર અમદાવાદ મુળ વતન કેવડીયા તા-હળવદ, જી,-સુરેંન્દ્રનગર* નાઓની પુછપરછ કરી તેઓએ આ ઇકો સ્પોટ કાર ચોરી કરી વેચાણ કરવા સારૂ સુરેન્દ્રનગર મુળી હાઇવે કુકડા ગામ અને શેખપર ગામ વચ્ચે રોડ પર મુકી દિધેલાની કબુલાત કરતા કાર કબ્જે કરી આરોપીની ધરપકડ કરી ઉપરોકત ગુંન્હો ડીટેકટ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર અધિકારીઓ** : પો.સબ.ઈન્સ. એમ.બી.જાડેજા તથા આઈ.ઓ. પો.સબ.ઇન્સ કે.એલ.રબારી હે.કો.બાબુભાઇ, પો.કો.યુવરાજસિંહ પો.કો.ગોવિંદભાઇ, લો.ર.પ્રશાંતકુમાર, લો.ર.અમીતસીંહ, લો.ર.વિશ્વરાજસિંહ

# <u>ઉત્તરાયણના તહેવાર સબંધે ચાઇનીઝ દોરી વેચાણ કરતા આરોપીની અટકાયતની વિગત</u>

## <u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>

## <u>આગામી ઉત્તરાયણ તહેવાર નિમીત્તે સિન્થેટીક મટીરીયલ્સ થી બનેલ ચાઇનીઝ દોરીના જથ્થા સાથે એક ઇસમને પકડતી શાહીબાગ પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે આજરોજ તા.૨૮/૧૨/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે આગામી ઉતરાયણના તહેવાર સબંધે ચાઇંનીઝ દોરી વેચાણ કરતા ઇસમો વિરૂધ્ધ કેશો શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે ચમનપુરા સર્કલ પાસે નાસ્તાની લારી ઉપર જાહેરમાં એક ઇસમ સિન્થેટીક મટીરીયલ્સથી બનેલ ચાઇનીઝ દોરીના રોલ કુલ-૫૧ જે એક નંગની કિંમત રૂ-૨૦૦/- લેખે કુલ્લે-૫૧ રોલની કિ.રૂ.૧૦,૨૦૦/- ની રાખી મે.પોલીસ કમીશ્નર શ્રી ની કચેરીના જાહેરનામા ક્રમાંક-વિશેષ શાખા/એચ સેક્શન/મકર સંક્રાંતિ/પરમીટ/૮૧૩/૨૦૧૯ તા.૧૨/૧૨/૨૦૧૯ નો ભંગ કરી મળી આવતા તેના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા જીપીએકટ કલમ-૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>આરોપીનું નામ ;</u>**- વિશાલ ચિમનલાલ અગ્રવાલ ઉવ.૩૬ રહે, મ.નં-૧૧ તાતાનગર સોસાયટી, મીના બજાર ચાર રસ્તા પાસે, મેઘાણીનગર અમદાવાદ શહેર

**<u>મુદ્દામાલ ;</u>**- સિન્થેટીક મટીરીયલ્સથી બનેલ ચાઇનીઝ દોરીના રોલ કુલ-૫૧ જે એક નંગની કિંમત રૂ-૨૦૦/- લેખે કુલ્લે-૫૧ રોલની કિ.રૂ.૧૦,૨૦૦/- નો મુદ્દામાલ મળી આવેલ છે.

**<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;</u>**- સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો રોહીતસિંહ રણજીતસિંહ બ.નં-૫૬૮૨

